સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/23
(VALID up to 31-12-2023)
RNI Regn. No. 27509/67




Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com


# સૌરાષ્ટ્ર ભૂમિ

દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્રનું અગ્રીમ અખબાર


વર્ષ : ૪૭ અંક : ૮૭ જૂનાગઢ તા.૩૦-૩-૨૦૨૩ ગુરૂવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂ. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

ગુજરાત સરકાર

આઝાદી કા અમૃત મહોત્સવ

# સાથ, સહકાર અને સેવાના 100 દિવસ

## સુશાસન

- અમૃતકાળમાં ગુજરાતને અગ્રેસર બનાવતું,અત્યાર સુધીનું સૌથી મોટું 3 લાખ 1 હજાર 22 કરોડ રૂપિયાનું વર્ષ 2023-24નું બજેટ
- દ્વારકા જિલ્લાના દરિયાકાંઠાના વિસ્તારોમાં રાષ્ટ્રીય સુરક્ષાની દૃષ્ટિએ સંવેદનશીલ 520 ગેરકાયદે બાધકામો દૂર કરાયા
- મક્કમતાથી ગુજરાત જ નહીં પરંતુ દેશમાં ડ્રગ્સને ઘૂસતું અટકાવ્યું છે
- જાહેર ભરતી તથા બોર્ડની પરીક્ષામાં થતી ગેરરીતિ પર નિયંત્રણ લાવવા માટે કડક કાયદો બનાવાયો
- માતૃભાષાને પ્રોત્સાહન અને રક્ષણ થકી રાજ્યની સંસ્કૃતિ અને 'અસ્મિતા' જાળવી શકાય તે માટે ધોરણ 1 થી 8 સુધી ગુજરાતી ભાષાનું શિક્ષણ ફરજિયાત કરતો કાયદો બનાવ્યો
- રાજ્યના સામાન્ય અને જરૂરિયાતમંદ નાગરિકોને વ્યાજખોરીના ચુંગાલમાંથી મુક્ત કરાવવા માટે 3,500 જેટલા લોકદરબારનું આયોજન કરી 22 હજાર જેટલા લોકોને સરકાર દ્વારા ₹261.97 કરોડની લોન અપાવી

## કૃષિ, પશુપાલન અને મત્સ્યોદ્યોગ

- 'પર ડ્રોપ મોર ક્રોપ'ને પ્રોત્સાહન આપવા રાજ્યમાં સૂક્ષ્મ સિંચાઈના બજેટમાં ચાર ગણો વધારો
- જળ સંચયને વેગ આપતા સુજલામ સુફલામ જળ અભિયાનના છઠ્ઠા ચરણનો પ્રારંભ
- દેશી ગાય નિભાવ ખર્ચ યોજના હેઠળ 1.50 લાખથી વધુ ખેડૂતોને આશરે ₹90 કરોડની સહાય
- તુવેર અને ચણાની 10 માર્ચથી 90 દિવસ માટે ટેકાના ભાવે ખરીદીનો પ્રારંભ
- 4 હજારથી વધુ પશુપાલકોને કિસાન ક્રેડિટ કાર્ડનું વિતરણ
- 28 હજારથી વધુ ખેડૂતોને ટ્રેક્ટર ખરીદી માટે ₹125 કરોડથી વધુની સહાય
- પ્રધાનમંત્રી મત્સ્યસંપદા યોજના અંતર્ગત 10,000 જેટલા માછીમારોને વિમા હેઠળ આવરી લેવામાં આવ્યા
- 5,754 સહકારી મંડળીઓના ડિજિટાઇઝેશન માટે ₹123.62 કરોડની માતબર જોગવાઇ

## ગરીબોને ગરીમામય જીવન

- રાજ્ય સરકારે શ્રમિકોના માસિક વેતનમાં 25% જેટલો વધારો કર્યો, કુશળ શ્રમિકને હવે માસિક વેતન ₹12,324 મળશે
- શ્રમયોગીઓના કલ્યાણ માટે મુખ્યમંત્રી શ્રમિક બસેરા યોજનાની જાહેરાત કરવામાં આવી
- 10 લાખથી વધુ શ્રમિકોને ઇ-શ્રમ હેઠળ રજિસ્ટર કરવામાં આવ્યા
- રેશનની દુકાનમાંથી 'શ્રી અન્ન' ને પ્રોત્સાહન આપવા બાજરી અને જુવારનું વિતરણ શરૂ
- ફેરિયાઓ પગભર થઈ શકે તેવા આશયથી 24 હજારથી વધુ ફેરિયાઓને PM સ્વનિધિ હેઠળ લોન આપી
- 71 લાખ કુટુંબોને દર માસે પ્રતિ કુટુંબ 1 કિ.ગ્રા. ચણાનું રાહત દરે વિતરણ તથા ઘઉં તથા ચોખાનું વિનામૂલ્યે વિતરણ
- પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ શહેરી અને ગ્રામિણ વિસ્તારમાં મળીને કુલ 30,000થી વધુ આવાસોનું નિર્માણ કરાયું

## યુવા અને શિક્ષણ

- પોલીસની વિવિધ સંવર્ગની 11 હજાર જેટલી ભરતીઓ પૂર્ણ
- રાજ્યના કૌશલ્યવાન યુવાઓને રોજગાર મળી રહે તે માટે રાજ્યમાં 458 જેટલા ભરતી મેળાઓનું આયોજન
- રાજ્યમાં એક જ દિવસમાં 2,500થી વધુ કર્મયોગીઓને નિમણૂક પત્રો આપીને સરકારી સેવામાં જોડવામાં આવ્યા.
- ગુજરાતના યુવાનોને વિશ્વ કક્ષાનું શિક્ષણ ઘર આંગણે મળી રહે તે માટે ઓસ્ટ્રેલિયાની ડીકન યુનિવર્સિટીનું સર્વ પ્રથમ ઇન્ટરનેશનલ કૅમ્પસ ગિફ્ટ સિટીમાં સ્થપાશે
- રાજ્યના યુવાઓ ઉચ્ચ શિક્ષણમાં આગળ વધી શકે તે માટે 33,000થી વધુ યુવાઓને મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના હેઠળ ઉચ્ચ શિક્ષણ માટે સહાય
- ધોરણ 1 થી 8માં રાજ્ય સરકાર દ્વારા ખાનગી શાળામાં પ્રવેશ આપવામાં આવેલ અને ધોરણ 8 નો અભ્યાસ પૂર્ણ કરી ધોરણ 9 થી 12માં અભ્યાસ માટે સ્કૂલ વાઉચર આપવા માટેની યોજનાની જાહેરાત
- મિશન સ્કૂલ્સ ઑફ એક્સેલન્સ હેઠળ 13,700 થી વધુ સ્માર્ટ ક્લાસરૂમ્સના ઇન્સ્ટોલેશનની કામગીરી પૂર્ણ

## આરોગ્ય

- આયુષ્યમાન ભારત યોજના હેઠળ હવે મળશે ₹10 લાખ સુધીની સહાય
- 82 લાખથી વધુ ABHA (આયુષ્માન ભારત હેલ્થ એકાઉન્ટ) શરૂ થયા જેના દ્વારા તમામ હેલ્થ રેકોર્ડ એક જ જગ્યાએ સ્ટોર થશે
- 25 લાખ જેટલા લોકોનું ટેલી મેડિસિન કન્સલ્ટેશન કરવામાં આવ્યું
- રાજ્યના દરેક જિલ્લામાં એક મેડિકલ કૉલેજ સ્થાપવાની દિશામાં આ વર્ષે અરવલ્લી, છોટાઉદેપુર, મહીસાગર અને ડાંગ ચાર નવી મેડિકલ કૉલેજની બજેટમાં જાહેરાત
- રાજ્યમાં નર્સિંગ પ્રોફેશનલ્સ મળી રહે તે માટે 5 નવી નર્સિંગ કૉલેજ શરૂ કરવાની જાહેરાત

## અનુસૂચિત જાતિ અને જન જાતિ કલ્યાણ

- અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ ભણીને પગભર થાય તે માટે અનુ. જાતિના 6,800 વિદ્યાર્થીઓને વ્યવસાયિક અભ્યાસક્રમો માટે સ્ટાઇપેન્ડ સહાય
- અનુસૂચિત જાતિના નાગરિકોને પોતાનું સપનાનું ઘર મળે તે માટે 6,500થી વધુ આંબેડકર આવાસોનું નિર્માણ કરવામાં આવ્યું
- સામાજિક સુરક્ષાની વિવિધ કલ્યાણકારી યોજનાઓનો લાભ જરૂરીયાતમંદ પરિવારો સુધી પહોંચે તે માટે કુટુંબ ઓળખપત્ર અપાશે
- આદિમજૂથોના સર્વાંગી વિકાસ માટે મુખ્યમંત્રી આદિમજાતિ સર્વાંગી ઉત્કર્ષ યોજનાની જાહેરાત
- આદિજાતિના 39,55,000થી વધુ બાંધવોને વાંસનું વિતરણ
- આદિવાસી વિસ્તારમાં પરિવહન સરળ બને તે માટે 15 જેટલા કોઝ-વેના સ્થાને પુલોનું નિર્માણ
- આદિવાસી વિસ્તારમાં પંચાયતી સેવાઓનો લાભ સારી રીતે મળી શકે તે માટે 37 ગામોમાં પંચાયતઘરનું નિર્માણ
- ગંભીર એનીમિયા ધરાવતી 10 હજારથી વધુ આદિવાસી મહિલાઓને ઓળખ કરી તેમની જરૂરિયાત મુજબ સારવાર કરીને માતા મૃત્યુ દરમાં ઘટાડો કરાયો

## મહિલા અને બાળ વિકાસ

- સૌપ્રથમ વખત મહિલાલક્ષી યોજનાઓનું બજેટ ₹1 લાખ કરોડને પાર, 200થી વધુ મહિલાલક્ષી યોજનાઓ
- દીકરી ભણે અને આગળ વધે તે માટે 1,285 જેટલી કન્યાઓને મુખ્યમંત્રી કન્યા કેળવણી નિધિ યોજના અંતર્ગત મેડિકલ શિક્ષણ માટે સહાય
- મુખ્યમંત્રી માતૃશક્તિ યોજના હેઠળ 7 લાખથી વધુ સગર્ભા અને ધાત્રી માતાઓને પોષણ સ્તરમાં સુધારો લાવવા દર માસે 1 કિ.ગ્રા. તુવેર દાળ, 2 કિ.ગ્રા. ચણા, 1 લિટર સિંગતેલ અપાયું
- 1,85,642 જેટલી સગર્ભા મહિલાઓને પ્રધાનમંત્રી માતૃ વંદના યોજના હેઠળ આર્થિક સહાય આપી સુરક્ષિત માતૃત્વ સુનિશ્ચિત કર્યું
- મહિલા સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે નવી 121 મહિલા સુરક્ષા ટુકડી 'SHE- ટીમ' કાર્યરત કરાઇ સાથે 72 પોલીસ સ્ટેશનોમાં વુમન હેલ્પ ડેસ્કની શરૂઆત

## ગ્રામ વિકાસ અને શહેરી વિકાસ


- દરેક જિલ્લામાં 75 અમૃત સરોવરોનું નિર્માણ
- ગોબરધન યોજના હેઠળ 4,100 થી વધુ વ્યક્તિગત બાયોગૅસ પ્લાન્ટ શરૂ કરવામાં આવ્યા
- 15માં નાણાપંચ અંતર્ગત અંદાજે 22,000 ઉપરાંતના વિકાસ કામો પૂર્ણ કરવામાં આવ્યા
- શહેરી વિકાસ સત્તા મંડળ હેઠળ આવતા 5 જિલ્લાઓમાં ડોર ટૂ ડોર કલેક્શન માટેની કામગીરી શરૂ કરવાનો નિર્ણય
- શહેરી વિકાસને વેગ મળે અને નાગરિકોને સુખાકારી આપવા રાજ્યમાં 25 જેટલી નવી ટી.પી. સ્કીમો મંજૂર કરવામાં આવી
- ક્લિન અને ગ્રીન ઊર્જાને પ્રોત્સાહન આપીને રાજ્યના લગભગ 92 હજાર જેટલા ઘરો પર સોલર રૂફટૉપ સિસ્ટમ લગાડવમાં આવી

## પ્રવાસન અને માળખાકીય સુવિધાઓ

- રાજ્યમાં પ્રવાસન પ્રવૃત્તિઓને વેગ આપવા માટે બજેટમાં ગત વર્ષની સરખામણીમાં સાડા ત્રણ ગણાનો વધારો કરીને ₹2,077 કરોડની માતબર જોગવાઈ
- ધરોઈ-અંબાજી બંધ પરિક્ષેત્રને સ્ટેચ્યૂ ઑફ યુનિટીની પેટર્ન પર વિકાસવવા માટે ₹300 કરોડની ફાળવણી
- દ્વારકાધીશ મંદિર અને પરિસરનો સંપૂર્ણ વિકાસ કરવા માટે યાત્રાધામ કોરીડોર બનશે
- સીમાવર્તી વિસ્તારને રોડથી સંપૂર્ણપણે જોડવા માટે પરિક્રમા પથનું નિર્માણ કરવાનો નિર્ણય
- રાજ્યમાં પરિવહનને વેગવંતુ બનાવવા ₹3,100 કરોડના ખર્ચે રાજ્યમાં 6 હાઇ સ્પીડ કોરિડોરનું નિર્માણ થશે

## ઔદ્યોગિક વિકાસ

- રાજ્યમાં વિશ્વ સ્તરીય 59 જેટલી વિવિધ ક્ષેત્રની મોટી કંપનીઓ સાથે ₹90,000 કરોડના MoU કરી જંગી મૂડી રોકાણ આકર્ષ્યું, જેના દ્વારા 50 હજારથી વધુ રોજગારીનું સર્જન થશે
- ગ્રામીણ મહિલાઓમાં ડિજિટલ લીટરસી વધારવા સાથે બાળકો-વિધાર્થીઓ અને યુવાઓના ક્ષમતા નિર્માણ-સ્કીલિંગને વધુ વેગ મળે તે માટે દર વર્ષે અંદાજે 50 હજાર જેટલા લોકોને આ પ્રકારની તાલીમ પૂરી પાડવા માટે ગુગલ સાથે મહત્વપૂર્ણ સ્ટ્રેટેજિક પાર્ટનરશીપ
- ગુજરાતના કાપડ ઉદ્યોગને પ્રોત્સાહન આપવા નવસારી ખાતે PM મિત્ર ટેક્સટાઇલ પાર્ક સ્થાપવાનો નિર્ણય
- GMDCએ રાષ્ટ્રીય કક્ષાની હરાજીમાં ઓડિશા ખાતે 1,500 મિલિયન ટનથી કોલસાની ખાણની હરાજી જીતી, જે ગુજરાતને એનર્જી સિક્યોરીટીની દિશામાં અગ્રેસર બનાવશે



સાથ, સહકાર અને સેવાના 100 -દિવસ-







વચન પાળ્યાં છે, પાળીશું ગુજરાતનું માન વધારીશું

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વની રાજ્ય સરકારના સાથ-સહકાર અને સેવાના ૧૦૦ દિવસની ગરિમામય ઉજવણી

## સાથ-સહકાર અને સેવાના ૧૦૦ દિવસના દસ્તાવેજ-પુસ્તકનું મુખ્યમંત્રીશ્રીના હસ્તે વિમોચન : પ્રદેશ ભાજપા અધ્યક્ષ અને રાજ્ય મંત્રીમંડળના મંત્રીઓની પ્રેરક ઉપસ્થિતી











- અમે આપેલા વચનો મક્કમતાથી પાળીને જન જન સુધી વિકાસ પહોંચાડ્યો છે
- નાનામાં નાના માનવીને વિકાસ યાત્રામાં જોડીને ''આ ગુજરાત મેં બનાવ્યું છે''ની અનૂભુતિ સાથે વિકાસનો સંવાહક-સાથીદાર-સહભાગી બનાવ્યો છે.
- વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની વિઝનરી લીડરશીપ અને દિશાદર્શનમાં ગુજરાત દેશના વિકાસનું ગ્રોથ એન્જીન બન્યું છે
- પ્રજાના પ્રચંડ સમર્થન-વહીવટી તંત્રના સક્રિય સહયોગ અને જનસેવાની સમર્પિત ભાવનાથી-સંવેદનશીલતાથી ગુજરાતને વિકાસનું રાહબર બનાવવાની નેમ
- આગામી પાંચ વર્ષના ઉન્નત-વિકસીત ગુજરાતના નિર્માણનો રોડમેપ વિકાસના પાંચ સ્તંભને આધારે તૈયાર કર્યો છે

ગાંધીનગર, તા.૩૦

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્ય સરકારના પ્રથમ ૧૦૦ દિવસ પૂર્ણ થવા અવસરે સાથ-સહકાર અને સેવાના ૧૦૦ દિવસ ઉજવણી પ્રસંગે સ્પષ્ટપણે જણાવ્યું કે, નાનામાં નાના માનવીને પણ ''આ ગુજરાત મેં બનાવ્યું છે''ની અનૂભુતિ સાથે વિકાસની મુખ્ય ધારામાં લાવ્યા છીએ. વિકાસનો સંવાહક-સાથીદાર અને સહભાગી બનાવ્યો છે. મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીની વિઝનરી લીડરશીપ અને દિશાદર્શનમાં ગુજરાત દેશના વિકાસનું ગ્રોથ એન્જીન બન્યું છે તેમાં સૌના સાથ, સહકાર અને પ્રજાની સેવા ભાવના નિહિત છે. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે ઉમેર્યુ કે 'ટિમ ગુજરાત'ના પ્રજાવર્ગોને જે વચનો આપેલાં તે મક્કમતાથી પાળી બતાવ્યા છે-જન જન સુધી વિકાસ પહોંચાડયો છે. ''વચન પાળ્યા છે, પાળીશુ ગુજરાતનું માન-સન્માન વધારીશુ'' એમ સ્પષ્ટપણે જણાવતાં શ્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું કે વડાપ્રધાનશ્રીએ કંડારેલા વિકાસ પથ પર અડગ નિર્ણય કર્યાથી આપણે આગળ વધ્યા છીએ. પ્રજાએ બે દાયકાના વિકાસમાં વિશ્વાસ-ભરોસો મુકીને અને વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈના નેતૃત્વના સમર્થનથી આ વર્ષ ચૂંટણીઓમાં પ્રચંડ જનસમર્થન આપ્યું છે તેનો આ તકે તેમણે રૂણ સ્વીકાર કર્યો હતો. મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યુ કે, સમાજના છેવાડાના માનવી અંતિમ છૌરના વ્યક્તિની ચિંતા કરીને આપણે બહુ આયામી વિકાસ આયોજન પાર પાડયા છે. એટલું જ નહિ, પ્રજાહિતમાં કડક નિર્ણયો પણ લીધા છે. ભરતી પરિક્ષામાં ગેરરીતિ આચરનારા અને પેપર લીક કરનારા તત્વો સામે કડક કાનૂની કાર્યવાહિનું વિધેયક, યાત્રાધામોમાં ગેરકાયદેસરના દબાણો દૂર કર્યા છે તથા દરિયાઈ સુરક્ષા સુદ્રઢ કરી છે અને માદક દ્રવ્યો સામે ઝિરો ટોલરન્સથી પેશ આવી ડ્રગ્સ વિરોધી ઝૂંબેશ પણ સફળતાથી આદરી છે.

આ સરકાર જનસેવાની સંવેદનશીલતાથી સૌના હિતને અહેમિયત આપે છે તેની વિસ્તૃત ભૂમિકા આપતાં મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, વ્યાજખોરીના દૂષણથી નાના-ગરીબ લોકોને મુકિત અપાવવા રાજયમાં ૪ હજાર લોકદરબાર યોજ્યા છે અને પી.એમ. સ્વનિધિ અન્વયે ૨૫૦ કરોડથી વધુની રકમ લોન તરીકે આપી આવા જરૂરતમંદ લોકોને આત્મનિર્ભર બનાવ્યા છે. મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યુ કે, આરોગ્ય, શિક્ષણ અને સલામતિ જેવા પાયાના ક્ષેત્રોમાં લોકહિત કામો સાથે પ્રધાનમંત્રી આવાસ યોજનામાં ૩૦ હજાર આવાસો, શ્રમિકોના વેતનમાં ૨૫ ટકાનો વધારો, રાષ્ટ્રીય અન્ન સુરક્ષા કાયદાનો વધુ પાંચ લાખ લોકોને લાભ જેવા ગરીબ કલ્યાણલક્ષી નિર્ણયોથી આ સરકારે જે કહેવું તે કરવું ની નેમ સાકાર કરી છે. મુખ્યમંત્રીશ્રીએ ગુજરાતને ડબલ એન્જીન સરકારના બેવડા વિકાસની નવી ગતિ મળી છે તેનો ઉલ્લેખ કરતાં જણાવ્યું કે, ૧૦૦ દિવસમાં ૯૦ હજાર કરોડ રૂપિયાના ઔદ્યોગિક રોકાણો માટેના એમ.ઓ.યુ થયા છે તેમજ ગ્રીન ગ્રોથને વેગ આપતાં કચ્છમાં ૪૦ હજાર કરોડનો ગ્રીન એમોનિયા પ્લાન્ટ સ્થાપવા માટે પણ એમ.ઓ.યુ થયેલા છે. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે આ અવસરે આગામી પાંચ વર્ષમાં વિકસીત-ઉન્નત-આત્મનિર્ભર ગુજરાતનું વિકાસ વિઝન પ્રસ્તુત કરતાં કહ્યું કે, ભારતને પાંચ ટ્રિલીયન યુ.એસ. ડોલરની ઈકોનોમી બનાવવાના વડાપ્રધાનશ્રીના સંકલ્પમાં ગુજરાત અગ્રીમ યોગદાન આપવા સંકલ્પબદ્ધ છે. આ સંદર્ભમાં તેમણે કહ્યું કે, ગુજરાતે આવનારા પાંચ વર્ષમાં સર્વગ્રાહી વિકાસનો રોડમેપ પાંચ સ્તંભના આધારે અત્યારથી જ તય કરી લીધો છે. આ પાંચ સ્તંભમાં ગરીબ અને જરૂરતમંદ વર્ગોની પાયાની સુવિધા-સોશિયલ સિક્યુરિટી માટે બે લાખ કરોડની જોગવાઈ બજેટમાં કરી છે. આ ઉપરાંત હ્યુમન રિસોર્સીસ ડેવલપમેન્ટ માટે ૪ લાખ કરોડ, વર્લ્ડકલાસ ઈન્ફ્રાસ્ટ્રકચર ઊભું કરવા માટે પાંચ લાખ કરોડ, એગ્રીકલ્ચર, ઈન્ડસ્ટ્રી અને સર્વિસ સેક્ટરની આર્થિક પ્રવૃત્તિઓના વિકાસ માટે બે લાખ કરોડ અને ગ્રીન ગ્રોથ માટે બે લાખ કરોડ રૂપિયા સુનિશ્ચિત કર્યા છે એમ પણ તેમણે ઉમેર્યુ હતું.

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, ગુજરાત નીતિ આયોગના અહેવાલ અનુસાર ફાયનાન્સિયલ મેનેજમેન્ટમાં પ્રથમ ક્રમે છે અને આપણે દેશના જી.ડી.પી માં ૮.૩૬ ટકાના હાલના યોગદાનને ૧૦ ટકાએ લઈ જવા પણ પ્રતિબદ્ધ છીએ. તેમણે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં દેશના અમૃતકાળમાં ગુજરાતના સર્વપોષી, સર્વસમાવેશી અને સર્વસ્પર્શી વિકાસને સૌના સહયોગથી અમૃતમય બનાવવાની નેમ પણ વ્યકત કરી હતી. મુખ્યમંત્રીશ્રીએ ટિમ ગુજરાત તરીકે સરકારના પ્રતિનિધિઓ, અધિકારીઓ-કર્મયોગીઓ સાથે કર્તવ્યરત રહીને વિકાસ યાત્રા અવિરત રાખી અને ગુજરાતનો વિકાસ દેશ અને દુનિયા માટે પથદર્શક બને તેવું પ્રેરક આહવાન પણ કર્યુ હતું. આ અવસરે સાથ, સહકાર અને સેવાના ૧૦૦ દિવસ પુસ્તિકાનું વિમોચન પણ તેમણે કર્યુહતું. ભારતીય જનતા પાર્ટીના પ્રદેશ અધ્યક્ષ અને સાંસદશ્રી સી.આર.પાટિલ, રાજય મંત્રીમંડળના મંત્રીશ્રીઓ, રાજ્ય સરકારના વરિષ્ઠ સચિવો અને આમંત્રિતો આ અવસરે ઉપસ્થિત રહ્યા હતા. મુખ્ય સચિવ શ્રી રાજકુમારે આ પ્રસંગે સૌનું સ્વાગત કરતા જણાવ્યું કે વિવિધ પ્રજાલક્ષી યોજનાઓનો લાભ ચોક્કસ સમય મર્યાદામાં છેવાડાના માનવી સુધી પહોંચે તેવા ઉદેશ સાથે મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં સાથ, સહકાર અને સેવાના ૧૦૦ દિવસ અન્વયે લક્ષ્યાંકો સિદ્ધ કરીને વિકાસ પર્વ ઉજવાઈ રહ્યું છે. રાજ્યના તમામ વિભાગોની પ્રજાલક્ષી વિકાસ યોજનાઓ માટે નીડ બેઝ્ડ પ્લાનીંગથી વિકાસની ખૂટતી કડીઓ અંગે અસરકારક આયોજન કરીને રાજ્ય સરકાર સર્વસમાવેશક વિકાસનો ધ્યેય સિદ્ધ કરવા આગળ વધી રહી છે તેમાં વહીવટીતંત્રના સંપૂર્ણ સહયોગની ખાતરી તેમણે આપી હતી. રાજ્યના જિલ્લા મથકોએ જિલ્લા કલેકટરશ્રીઓ અને વહીવટીતંત્રના અધિકારીઓએ આ કાર્યક્રમનું જીવંત પ્રસારણ નિહાળ્યું હતું.

## તંત્રી લેખ

# રાજાશાહી હોય કે લોકશાહી સુશાસન માટેનાં નિયમો એક સમાન

માહોલ ચૂંટણીનો હોય એટલે સ્વાભાવિક છે કે રાજધર્મનું સ્મરણ થઈ આવે. રાજાશાહી હોય કે લોકશાહી, કોઈ ધર્મ વિશેષનું શાસન હોય કે સેક્યુલર શાસન, તમામ સંજોગોમાં શાસકે કઈ રીતે વર્તવું એ વિશેની માર્ગદર્શિકા ધર્મશાસ્ત્રો અને રાજ્યશાસ્ત્રોમાં મળતી રહે છે. રાજાના એટલે કે શાસકના વર્તન વિશે મનુસ્મૃતિ, રામાયણ, મહાભારત અને કૌટિલ્યનું અર્થશાસ્ત્ર ઘણું બધું કહે છે. સમય અને સંજોગોને અનુરૂપ રાજા માટેની માર્ગદર્શિકામાં ફેરફાર જરૂર જોવા મળે, પણ કેટલાંક તત્ત્વો કે સૂત્રોમાં સમાનતા જળવાય છે. સાતત્ય રહે છે. આદર્શ અને પ્રજાવત્સલ રાજવી ગણાવા માટે કેવું વર્તન હોવું જોઈએ એ વિશેનાં ચિંતન સતત ચાલતાં રહ્યાં છે. શાસક જીવતો હોય ત્યારે તો એની વાહવાહી કરનારા અનેક હોય; પણ એ સત્તામાં ના હોય કે એનું મૃત્યુ થયા પછી પણ એને પ્રજાવત્સલ તરીકે પ્રજા અને સુજ્ઞાજનો સ્મરે એ જ ગનીમત. માત્ર યુદ્ધખોર કે પોતાના મનસ્વી વિચારો મુજબ અહં બ્રહ્માસ્મિ માનનારા શાસકોને જ આવાં ચિંતનો ભણી ધ્યાન દેવાનો વખત મળતો નથી. લાંબો સમય શાસન કરવું હોય અને પ્રજાનો પ્રેમ જીતવો હોય, તો કઈ બાબતોનો ખ્યાલ રાખવો એ વિશે ભારતીય પરંપરા અને ચિતનોમાં ઘણું કહેવાયું છે. રાજાશાહી શાસન હોય કે પછી લોકશાહી શાસન, રાજધર્મનાં આ સૂત્રોનું સાતત્ય જળવાય અને એમનું પાલન થાય એવું અપેક્ષિત મનાય છે.

સયાજીરાવને સુશાસનબોધ રાજાની કે શાસકની મર્યાદાઓ અને મૂંઝવણો ખૂબ ગહન હોય છે. પ્રત્યેક શાસકના શાસનને મૂલવતાં ઉતાવળિયાં વિશ્લેષણો કરવાની વૃત્તિ તેમને અન્યાય કરી બેસે. કેટલાક શાસકો તો અને આજના જમાનામાં તો મોટાભાગના શાસકો પોતાના માર્કેટિંગમાં સ્વાવલંબી હોય છે અને પોતાની કઈ તસ્વીર છપાવી જોઈએ કે કયું નિવેદન પ્રકાશિત કે વાયરલ થવું જોઈએ એ બાબતમાં સ્વાવલંબી હોય છે. પોતાની જાતને સામેવાળાના સ્થાને મૂકીને જે તે વ્યકિત, શાસક કે શાસનનું મૂલ્યાંકન કરવામાં આવે તો વાસ્તવિક પરિસ્થિતિને પામવાનું શક્ય બને. આદર્શ શાસકના આદર્શ માપદંડો તો ઠરાવી શકાય, પણ પ્રત્યેક શાસક એનું શતપ્રતિશત પાલન કરી જ શકે એવું નથી. આખરે એ પણ માણસ છે. એની માનવીય મર્યાદાઓ અને ખૂબીઓ સમજવી પડે. એને પણ માણસનું ધબકતું દિલ છે. એને કાંઈ બીબાંઢાળ યંત્રવત્ સમજીને મૂલવીએ તો ખોટ્ટાડાં તારણો મળે છે. રાજધર્મ વિશેનાં ચિંતનમાં સૌથી વધુ ચર્ચા થઈ હોય તો વડોદરા રાજયના દીવાન અને રિજેન્ટ સર ટી.માધવરાવે 'માયનર હિંટ્સ'રૂપે આપેલો બોધ ખૂબ ઉપયોગી ગણાય છે. એ વેળા અંગ્રેજોનું શાસન અથવા વર્ચસ્વ હતું એ વાતને અત્યારે ધ્યાને લેવી જરૂરી ખરી.

## આપની આવતીકાલ કેવી જશે...?

**:: રત્નકણીકા ::**

શ્રધ્ધા અને ધીરજ એ ગુણોની ખાણ છે, જે કઠીન પરિસ્થિતિઓનો સામનો કરવાની શક્તિ આપી સફળતા અપાવે છે.

- પૂજ્ય શ્રી સાંઈબાબા

**: આજનું પંચાંગ :**

વિક્રમ સં. ૨૦૭૯, શા. શાકે. ૧૯૪૫, પા.આવા-૧૩૯૨, મુ. રમજાન-૧૪૪૪, જૈન વીર સં.-૨૫૪૯, કચ્છી સં. ૨૦૭૯, ચૈત્ર સુદ-૯ શ્રી રામ નવમી, ભગવાન શ્રી રામ જન્મોત્સવ, ભગવાન શ્રી સ્વામીનારાયણ જયંતિ, ચૈત્ર નવરાત્રી સમાપ્ત, ગુરૂ પુષ્યામૃત યોગ (રાત્રે ૧૦:૫૯ ક.થી) તા.૩૦ માર્ચ ૨૦૨૩, ગુરૂવાર, પારસી તા.૧૭, મુસ્લિમ તા.૭, પુનર્વસુ નક્ષત્ર, અતિગંડ યોગ, બાલવ કરણ, સૂ.ઉ.૬:૪૭, સૂ.અ.૭:૦૫

આજનો દિવસ અશુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી મિથુન (ક છ ઘ), બપોરે ૪:૧૬ ક. પછી જન્મેલા બાળકની રાશી કર્ક (ડ હ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ : આપની ઈચ્છા અટકીને પૂર્ણ થાય. કાર્યબોજમાં વધારો થાય.
વૃષભ : શેર-સટ્ટા, જુગારથી દૂર રહેવું. વ્યાપારમાં તેજી રહે.
મિથુન : સંપત્તિને લગતા પ્રશ્નો ઉકેલાય. વડીલવર્ગથી લાભ થાય.
કર્ક : નોકરીયાત વર્ગને બઢતી-બદલીના યોગ છે. ધંધાકીય ક્ષેત્રે પ્રગતિ થાય.
સિંહ : કૌટુંબિક વિવાદના ભોગ બનવું પડે. માંગલિક કાર્યમાં સફળતા મળે.
કન્યા : પ્રિયજનથી મિલન-મુલાકાત સફળ બને. નાણાંભીડ દૂર થાય.
તુલા : ખાવા-પીવામાં કાળજી રાખવી. નવિન શુભ સમાચાર મળે.
વૃશ્ચિક : આકસ્મીક પ્રવાસના યોગ સર્જાય. વાદ-વિવાદથી દૂર રહેવું.
ધન : શત્રુઓને પીછેહટ કરવી પડે. અટકેલા કામમાં પ્રગતિ થાય.
મકર : સ્નેહિ-મિત્રની મદદથી નાણાંકીય સમસ્યા ઉકેલાય. લાભની તક સાંપડે.
કુંભ : અકારણ મનમાં ચિંતા અનુભવાય. કોર્ટ-કચેરીના કાર્યોથી દૂર રહેવું.
મીન : કોઈ નવી જગ્યાનો પ્રવાસ થાય. માનસિક પ્રસન્નતા અનુભવાય.

# આઈસીઆઈસીઆઈ લોમ્બાર્ડ રિપોર્ટ: આરોગ્ય વીમો ધરાવતી ૬૫% મહિલાઓ મહિલા-કેન્દ્રિત પ્લાન પસંદ કરે છે

## રિપોર્ટ દર્શાવે છે કે સર્વેક્ષણમાં ભાગ લેનાર ૯૩% મહિલાઓ માને છે કે મહિલા-કેન્દ્રિત આરોગ્ય વીમા યોજનાઓ અત્યંત સુસંગત છે.

મુંબઈ, તા.૩૦

ભારતની અગ્રણી સામાન્ય વીમા કંપનીઓમાંની એક આઈસીઆઈસીઆઈ લોમ્બાર્ડ જનરલ ઈન્સ્યોરન્સે તેના 'ભારતમાં મહિલાઓમાં વીમા જાગૃતિ' અહેવાલના તારણો પ્રકાશિત કર્યા છે, જેનો હેતુ મહિલાઓમાં વીમા પ્રત્યેની જાગૃતિને સમજવા અને મહિલાઓમાં સામાન્ય વીમાની ખરીદી કરવાની આદતને સમજવા ઉપરાંત, તેમના પોતાના માટે સામાન્ય વીમો ખરીદવાની વાત આવે ત્યારે તેમની માન્યતાઓ, વિશ્વાસ અને નિર્ણય લેવાની પ્રક્રિયાને સમજવાનો પણ છે. આ રિપોર્ટ તેના વિશ્લેષણમાં મહિલા સામાન્ય વીમા પૉલિસી ધારકો અને ઈચ્છુકો બંનેનો સમાવેશ કરીને વીમા પર એક વિશિષ્ટ પરિપ્રેક્ષ્ય રજૂ કરે છે. આ અભિગમ દ્વારા, અહેવાલ વીમાને લગતી ગેરમાન્યતાઓને પ્રકાશિત કરે છે જે ભારતમાં મહિલાઓને વીમીત કરવા અવરોધે છે.

આ સર્વેમાં સમગ્ર જાગરૂકતા, આરોગ્ય વીમા પ્રદાતાઓ, મહિલા-કેન્દ્રિત આરોગ્ય વીમા યોજનાઓ પ્રત્યેની સુસંગતતા, નિર્ણય લેવાની ક્ષમતા અને આરોગ્ય અને મોટર વીમો ખરીદતી વખતે સામેલગીરી જેવા વિવિધ પાસાઓ પર મહિલાઓમાં સામાન્ય વીમા સાક્ષરતાની વર્તમાન સ્થિતિનું પ્રમાણ દર્શાવે છે. તાજેતરનો અભ્યાસ ૨૧ - ૫૫ વર્ષની ઉંમરની ૭૭૯ મહિલા ઉત્તરદાતાઓ સાથે હાથ ધરવામાં આવ્યો હતો જેમાં વીમા ધારકો (આરોગ્ય અને મોટર વીમો) અને વીમો ખરીદવા ઈચ્છતી (આરોગ્ય વીમો) ભારતભરમાંથી મેટ્રો અને ટિયર ૧ શહેરોમાંની મહિલાઓનો સમાવેશ છે. વધુમાં, અહેવાલ એ પણ પ્રકાશિત કરે છે કે ઘણી મહિલાઓ માને છે કે જરૂરિયાતના સમયે તાત્કાલિક નાણાકીય મદદ અને જીવનશૈલીને કારણે થતી બિમારીઓની વધતી ઘટનાઓ સામે રક્ષણ એ આરોગ્ય વીમામાં રોકાણ કરવાના ટોચના બે કારણો છે. હેલ્થકેરનો વધતો ખર્ચ પણ હેલ્થ ઈન્સ્યોરન્સ ખરીદવાનું મુખ્ય કારણ છે. આઈસીઆઈસીઆઈ લોમ્બાર્ડ જનરલ ઈન્સ્યોરન્સના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર સંજીવ મંત્રીએ જણાવ્યું હતું કે, ''ડેટા દર્શાવે છે કે ભારતમાં માત્ર અમુક ટકા મહિલાઓ જ સામાન્ય વીમાને પ્રાથમિકતા માને છે. આ ભારતમાં મહિલાઓમાં સામાન્ય વીમા અંગે વધુ જાગૃતિ અને શિક્ષણની જરૂરિયાત દર્શાવે છે. આઈસીઆઈસીઆઈ લોમ્બાર્ડ દ્વારા હાથ ધરવામાં આવેલા સર્વેક્ષણમાં મહિલાઓની અનન્ય જરૂરિયાતોને પૂરી કરતી વધુ જાતિ-સંવેદનશીલ વીમા પોલિસીની જરૂરિયાત પર પ્રકાશ પાડવામાં આવ્યો છે. અમે મહિલાઓને વીમા ઉકેલો પ્રદાન કરવા માટે પ્રતિબદ્ધ છીએ જે તેમની ચોક્કસ જરૂરિયાતો પૂરી કરે છે. અમારું ધ્યેય જાગૃતિ લાવવાનું છે, મહિલાઓને વીમા વિશે સર્વગ્રાહી રીતે શિક્ષિત કરવાનો છે અને એક સરળ, બુદ્ધિશાળી ગ્રાહક અનુભવ બનાવવાનો છે જે ગ્રાહક માટે મહત્તમ મૂલ્ય ધરાવે છે.''

# • રમઝાન મુબારક •




## ઈસ્લામનો પાયો રહમત

ઈસ્લામનો પાયો રહમત (કૃપા અને દયા) છે. તે સમગ્ર દુનિયા માટે સંપૂર્ણપણે રહમત છે. આ ધર્મ મનુષ્યોને તમામ પ્રકારની ગુલામીથી આઝાદી પ્રદાન કરીને માત્ર એક ઈશ્વર તરફ આમંત્રણ આપે છે, જેણે મનુષ્યો ઉપર પોતાની બક્ષિસોની વર્ષા કરી છે. મનુષ્ય પોતાની આંખોથી જોશે તો ચોતરફ તેને તેની કૃપા દેખાશે. કોઈપણ કામનાં પ્રારંભમાં આપણે તેને જે નામોથી યાદ કરીએ છીએ, તે રહમાન(પરમ્કૃપાળું) અને રહીમ (પરમ્દયાળું) છે. તે કહે છે કે તે તમામ મનુષ્યો માટે રઊફ (પરમ્ મહરબાન) અને અત્યંત દયાળું છે. પોતાનાં પયગંબર દ્વારા લોકોને શુભ સમાચાર આપે છે કે,

''પોતાના માલિક અને પાલનહારથી ક્ષમા માંગો અને પછી તેના તરફ પરત ફરો. મારો માલિક તો પરમ્ દયાવાન, ખૂબ પ્રેમ કરવાવાળોછે.'' (કુર્આન, ૧૧ : ૯૦)

મનુષ્યો તરફ પોતાના ઈશદૂતનાં માધ્યમથી આ ધર્મને મોકલનાર ઈશ્વર કહે છે,

''સલામતી હો તમારા ઉપર ! તમારા માલિક અને પાલનહારે દયાળુતાને પોતાની ઉપર અનિવાર્ય કરી લીધી છે કે તમારામાંથી કોઈ અણસમજમાં કોઈ દુષ્કૃત્ય કરી બેસે, પછી પશ્ચાતાપ કરે અને પોતાની સુધારણા કરી લે તો તે(અલ્લાહ) ઘણો ક્ષમાશીલ અને દયાળું છે.'' (કુર્આન, ૬ : ૫૪)

આ ધર્મ પૂર્ણ માર્ગદર્શન છે અનેઆ માર્ગદર્શન સૃષ્ટિના પ્રભુની કૃપાનું પ્રાકટ્ય છે. તેની બક્ષિસોની ઉન્નત કોટી છે.

''...હવે તમારા પાસે તમારા પ્રભુ તરફથી સ્પષ્ટ પ્રમાણ, માર્ગદશન અને કૃપા આવી ગઈ છે.'' (કુર્આન, ૬ : ૧૫૪)

**રોઝા : ૭ ગુરૂવાર**

તે પોતાના બંદાઓને અનહદ પ્રેમ કરે છે, માર્ગ ભૂલેલા બંદાઓને પોતાનાં તરફ ફરતા જોઈને એટલો ખુશ થાય છે કે જેટલી ખુશી કોઈ ગામઠી આરબને પોતાના ખોવાયેલા ઊંટના જડી જતાં થાય છે. શું એવું માની શકાય કે આવો અનહદ પ્રેમાળ, કૃપાળું ઈશ્વર પોતાનાં બંદાની ભૂલની રાહ જોઈ રહ્યો હોય કે તે ભૂલ કરે, ને તે તેને સજા આપે? બલ્કે તે ગુનેગારોને આશ્વાસન આપે છે કે તે તવ્વાબ (પશ્ચાતાપ અને ક્ષમાને સ્વીકાર કરનાર), ગફૂર અને રહીમ (દયાળું અને મહેરબાન) છે.

''પરંતુ તમારો પ્રભુ લોકોને તેમના અત્યાચારો છતાં ક્ષમા કરી દે છે.'' (કુર્આન, ૧૩ : ૬)

''કહીદો, હે મારા બંદાઓ! જેમણે પોતાના ઉપર અત્યાચાર કર્યો છે, અલ્લાહની દયાળુતાથી નિરાશ ન થાઓ. નિઃસંદેહ અલ્લાહ તમામ ગુનાહોને માફ કરી દે છે. ચોક્કસ તે મોટો ક્ષમાશીલ અને અત્યંત દયાળુ છે.'' (કુર્આન, ૩૯ : ૫૩)

ઈસ્લામ દર્શન કેન્દ્ર, જૂનાગઢ

